## ખજોદમાં આગ મુદ્દે ડો.તુષાર ચૌધરીની CM ને રજૂઆત

સુરત: સુરતની ખજોદ સોલિડ વેસ્ટ ડમ્પિંગ સાઇટ પર છેલ્લા કેટલાક સમયથી રહસ્યમય અને ભીષણ આગ લાગવાની ઘટનાઓ અટકવાનું નામ લેતી નથી, જેના કારણે વિપક્ષી નેતાઓએ સરકાર સામે આકરા સવાલો ઉઠાવ્યા છે. વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડો.તુષાર ચૌધરીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને લેખિત પત્ર પાઠવીને ત્વરિત અને કડક પગલાં લેવાની માંગ કરી છે. તેમણે આશંકા વ્યક્ત કરી છે કે ખજોદ સાઇટ પર પ્રતિબંધિત હોટફિક્સ અને ઔદ્યોગિક જ્વલનશીલ કચરો ગેરકાયદે રીતે ઠાલવવામાં આવી રહ્યો છે, જેથી આ સમગ્ર મામલે ગુનેગારો સામે પોલીસ ફરિયાદ દાખલ કરી તટસ્થ તપાસ થવી જોઈએ.

## બાઇક પર પાછળ બેઠેલો યુવક ટેમ્પો નીચે આવી જતાં મોત

સુરત: મૂળ બિહારના વતની અને હાલ પલસાણા ખાતે રહેતા 30 વર્ષીય અરવિંદકુમાર મન્ટુ મહંતો મિત્ર રાજુકુમાર છટુ રામ સાથે બાઇક પર સચિન હોજીવાલા ઇન્ડસ્ટ્રીયલ સ્ટેટમાં જીરો નંબર રોડ પરથી પસાર થઈ રહ્યા હતા. દરમિયાન રાજુકુમારે બાઇક ગફલતભરી રીતે હંકારતાં બાઇક સ્પીડ બ્રેકર કુદાવતી વખતે પાછળ બેઠેલા અરવિંદકુમાર નીચે પટકાયા હતા. પાછળથી પસાર થઈ રહેલા આઇસર ટેમ્પોના પાછળના પૈડાં નીચે તેમનું માથું આવી જતાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

## કતારગામમાં વિદેશી દારૂના જથ્થા સાથે બૂટલેગર ઝડપાયો

સુરત:પીસીબી શાખાની ટીમને બાતમીના આધારે જગદીશ ઉર્ફે મહેશ રમેશચંદ્ર જોગીવાલા (રહે. અંજન સલાખા બિલ્ડિંગ, કતારગામ, સુરત) કેટા ગાડી (નં. GJ-05-RA-2648) માં 93 હજારના વિદેશી દારૂના જથ્થા સાથે કતારગામ અલકાપુરી સર્કલ પાસેથી ઝડપી પાડી કુલ રૂ.6 લાખની મતા કબજે કરી હતી. પોલીસે દારૂ આપનાર વોન્ટેડ સંજય વેરાવર અને જગદીશ જોગીવાલા સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

## ડક્કા ઓવારા ઉપર ઝૂંપડાંમાં આગ લાગતા ભાગદોડ

સુરત: નાનપુરા સ્થિત ડક્કા ઓવારા ઉપર ગુરુવારે સવારે શ્રમજીવીઓનાં ઝૂંપડાંમાં આગ લાગી જતાં ભાગદોડ મચી હતી. ફાયર સબ ઓફિસર બળવંતસિંહે જણાવ્યું હતું કે, ઘટના સ્થળે પહોંચેલી ફાયર બ્રિગેડની ટીમે સતત પાણીનો મારો ચલાવીને ગણતરીની મિનિટ્સમાં જ આગને કાબૂમાં કરી લીધી હતી. આગની લપેટમાં આવતાં ઝૂંપડાંમાં રાખેલો મોટા ભાગનો સામાન બળીને ખાખ થઈ ગયો હતો. ઘટનામાં કોઈને ઈજા કે જાનહાનિ થઈ ન હતી.

## L&Tમાં 17 ફૂટ ઊંચેથી પટકાતાં કામદારનું મોત

સુરત: મૂળ ગીર સોમનાથના કોડીનારના વતની અને હાલ મોરા ગામમાં ગિરીશભાઈ આહીરની કોલોનીમાં રહેતો 29 વર્ષીય નટુગીરી રમેશગીરી ઓમકારા એલ એન્ડ ટી કંપનીના ડી-શોપમાં રૂફ પર શિફ્ટિંગનું કામ કરી રહ્યો હતો. ત્યારે પગ લપસી જતાં તે આશરે 17 ફૂટ ઊંચાઈથી નીચે પટકાતા તેનું મોત થયું હતું.

## કોર્ટને ઉડાવી દેવાની ધમકીમાં જામીન નામંજૂર

સુરત: સુરત જિલ્લા કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપી ભય અને અસલામતીનું વાતાવરણ ઊભું કરવાના ચકચારી કેસમાં સુરત સેશન્સ કોર્ટે આરોપી રામન રામબાબુ સાતન મિશ્રાની જામીન અરજી ફગાવી દીધી છે. સરકાર પક્ષે એપીપી એસ. એસ. પાટીલે દલીલ કરી હતી કે આરોપીના ઈ-મેઇલની તપાસમાં સુપ્રીમ કોર્ટને સંબોધેલા વાંધાજનક વિડીયો અને સંદેશાઓ પણ મળ્યા છે, જેથી તેની સામે પ્રથમ દૃષ્ટિએ ગંભીર ગુનો બને છે.

# પોઝિશન પ્રિન્ટનો 15 ટકા ભાવ વધશે

**માલની** ડિલિવરી બાદ 45 દિવસમાં પેમેન્ટ ફરજિયાત

**અનીતિભર્યા** વ્યવહાર કરનારા વેપારીઓને બ્લેકલિસ્ટ કરાશે






સુરત: કાચા માલના ભાવમાં સતત વધારા અને ઉત્પાદન ખર્ચમાં વૃદ્ધિને પગલે પોઝિશન પ્રિન્ટ ઉદ્યોગે નવાં ધારાધોરણો અમલી બનાવવાનો નિર્ણય લીધો છે. પોઝિશન પ્રિન્ટ એસોસિએશનની 3 નવેમ્બરે યોજાયેલી બેઠકમાં સર્વસંમતિથી નિર્ણય લેવાયો હતો કે દિવાળી બાદ એસોસિએશનના સભ્યો દ્વારા તૈયાર કરવામાં આવતા નવા માલના વર્તમાન દરમાં 15 ટકાનો વધારો કરવામાં આવશે. સાથે જ માલની ડિલિવરી બાદ મહત્તમ 45 દિવસમાં પેમેન્ટ ચૂકવવું ફરજિયાત રહેશે.

પ્રમુખ જતીનભાઈ વાઘાણીના અધ્યક્ષ સ્થાને યોજાયેલી બેઠકમાં ઉપપ્રમુખ મનોજભાઈ અગ્રવાલ, સેક્રેટરી નિલેશભાઈ લાખાણી, બિજલભાઈ જરીવાલા, રાજુભાઈ ધામેલિયા, આશિષભાઈ ધામેલિયા સહિતના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં ઉદ્યોગની વર્તમાન સ્થિતિ, આર્થિક પડકારો અને ભવિષ્યના વિકાસ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

એસોસિએશન દ્વારા નક્કી કરાયેલાં નવાં ધારાધોરણો મુજબ કાચા માલના ભાવવધારાને ધ્યાનમાં રાખીને 15 ટકા ભાવવધારો લાગુ થશે. માલની ડિલિવરી પછી 45 દિવસની નેટ પેમેન્ટ ટર્મ રહેશે. ઉપરાંત ખોટી રીતે નાણાંની કપાત કરનારી અથવા યોગ્ય કારણ વગર માલ પરત કરનારી વેપારી પાર્ટીઓને બ્લેકલિસ્ટ કરવાની કાર્યવાહી કરાશે. આ બેઠકમાં સાચી પડતર કિંમત (કોસ્ટિંગ), છુપાયેલા ખર્ચ અને ઉત્પાદનની પ્રક્રિયામાં થતા આકસ્મિક નુકસાન અંગે પણ જાગૃતિ લાવવા ભાર મુકાયો હતો.

પ્રમુખ જતીનભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, પોઝિશન પ્રિન્ટ ઉદ્યોગમાં ફેબ્રિક, ડિઝાઈનિંગ અને બે વખત મિલ પ્રોસેસિંગ પાછળ મોટું રોકાણ કરવું પડે છે. સમગ્ર પ્રક્રિયામાં માલ બગડે તો તેનું આર્થિક જોખમ પણ ઉદ્યોગકારોએ જ ઉઠાવવું પડે છે.

એસોસિએશને વેપારીઓને નવાં ધારાધોરણોનો સ્વીકાર કરી સહકાર આપવા અપીલ કરી છે. ઉદ્યોગકારો અને વેપારીઓ વચ્ચે વિશ્વાસ, પારદર્શિતા અને સહયોગ જળવાય તો જ ઉદ્યોગનો સર્વાંગી વિકાસ શક્ય બનશે.

# પરિવાર ગંગોત્રીથી કેદારનાથ જવા નીકળ્યા ને કાળ ભટકાયો

પરિવાર યમુનોત્રી પહોંચ્યો ત્યારે વિડીયો ફોન પર પરિચિતોને દર્શન પણ કરાવ્યાં હતાં

**બાદમાં** થોડા જ સમયમાં અકસ્માત થયાના સમાચાર મળ્યા



સુરત: મોતને ભેટનાર અશોક પટેલની બિલ્ડિંગના રહીશોના જણાવ્યા અનુસાર, પટેલ પરિવાર ધાર્મિક સ્વભાવનો હતો. પરિવારના સભ્યો નિયમિત રીતે વહેલી સવારે ઊઠીને મંદિરે દર્શન કરવા જતા હતા.

સુધાબેન પણ દરરોજ સવારે પાંચ વાગ્યે ઊઠીને કાંતારેશ્વર મહાદેવ મંદિરે પૂજા-અર્ચના કરવા માટે ચંપલ વગર ચાલીને જતા હતા. યાત્રા દરમિયાન પરિવાર યમુનોત્રી પહોંચ્યો ત્યારે વીડિયો ફોન પર પરિચિતોને દર્શન પણ કરાવ્યાં હતાં. છેલ્લે વેદાંત સાથે વાત થઈ ત્યારે પરિવાર ગંગોત્રીનાં દર્શન કરીને કેદારનાથ જવા નીકળવાનો હોવાનું જણાવ્યું હતું. જોકે, ત્યારબાદ થોડા જ સમયમાં અકસ્માતના સમાચાર મળતાં પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું.

### કોનું મોત થયું, કોણ ઇજાગ્રસ્ત?

આ અકસ્માતમાં વકીલ અશોકભાઈ પટેલ, તેમની પુત્રી રીતિકા પટેલ, ગુજરાતના ઘનશ્યામભાઈ સરવૈયા અને હરિદ્વારના કારચાલક સુરેન્દ્રસિંહનાં મોત થયાં છે. જ્યારે અશોકભાઈના પુત્ર વેદાંતને ગંભીર ઇજાઓ થતાં તેને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે ઉચ્ચ આરોગ્ય કેન્દ્રમાં રિફર કરવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. અશોકભાઈનાં પત્ની સુધાબેન અને અન્ય પરિવારનાં કિરણબેન વિશાલભાઈ પટેલ હજુ લાપતા છે.

# સીલ કરાયેલી દુકાનનું તાળું તોડી છ લોકોનો કબજો

**અલથાણની** રઘુવીર સિમ્ફની શોપર્સમાં ફાઇનાન્સ કંપનીની મોર્ગેજ મિલકતમાં ગેરકાયદે પ્રવેશ કરી તોડફોડ

સુરત: અલથાણની રઘુવીર સિમ્ફની શોપર્સમાં કોર્ટના આદેશથી ફાઇનાન્સ કંપનીએ સીલ કરેલી દુકાનનું તાળું તોડી એક જ પરિવારના છ સભ્યોએ ગેરકાયદે પ્રવેશ કરી તોડફોડ કરી હતી.

મળતી માહિતી મુજબ અમરોલીના ભાઠા વિસ્તારમાં રહેતા સૈજી સકરભાઈ દેસાઈ સમ્માન ફિનસર્વ લિમિટેડ (અગાઉની ઈન્ડિયાબુલ્સ કોમ. ક્રેડિટ લિ.) કંપનીમાં નોકરી કરે છે. તેમણે આ મામલે અલથાણ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ અલથાણ સ્થિત રઘુવીર સિમ્ફની શોપર્સના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલી 'શ્રી રામ હાર્ડવેર એન્ડ સેનેટરીવેર' નામની દુકાન ફાઇનાન્સ કંપની પાસે મોર્ગેજ મૂકવામાં આવી હતી. નાણાકીય લેણદેણના વિવાદને પગલે કોર્ટના આદેશથી ફાઇનાન્સ કંપનીએ દુકાનનો પ્રત્યક્ષ કબજો મેળવી તેને સીલ કરી દીધી હતી. ડુંભાલના પુણા-કુંભારીયા રોડ પર આવેલા લીંબાણી ભવનમાં રહેતા એક જ પરિવારના સભ્યોએ દુકાનનું તાળું તોડી તોડફોડ કરી હતી. અલ્થાણ પોલીસે ગૌતમભાઈ રવજીભાઈ પટેલ, ભૂમિકા ગૌતમભાઈ પટેલ, પ્રકાશભાઈ રવજીભાઈ પટેલ, નિલમબેન પ્રકાશભાઈ પટેલ, નરેશભાઈ રવજીભાઈ પટેલ અને હિરલબેન નરેશભાઈ પટેલ વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

# TRB જવાનનો 'પોલીસ' જેવો પાવર: ટેક્સી ચાલકને ધમકી

**અમરોલીમાં** TRB જવાન પ્રશાંત શાહુ અને યામીન પટેલે કાગળો પર સહીઓ કરાવી અર્ટિગા પડાવી

સુરત: અમરોલી વિસ્તારમાં TRB જવાને ટેક્સી ડ્રાઈવર સાથે મારપીટ કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી અર્ટિગા કાર બળજબરીપૂર્વક પડાવી લીધી હોવાની ઘટના સામે આવી છે.

ઉત્રાણ વેલજા ખાતે હરિદર્શન રેસિડેન્સીમાં રહેતા અને ટેક્સી ડ્રાઈવિંગ કરી પરિવારનું ગુજરાન ચલાવતા જતીન કાંતિલાલ વ્યાસ (ઉં.વ.32) દ્વારા અમરોલી પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે. આરોપી પ્રશાંત શાહુ (રહે.,ગાયત્રીનગર સોસાયટી, છાપરાભાઠા, અમરોલી) ટી.આર.બી.માં નોકરી કરતો હોવાથી અને જતીનભાઈ બસ સ્ટેશન પર ટેક્સી ચલાવતા હોવાથી છેલ્લાં બે વર્ષથી બંને એકબીજાને ઓળખતા હતા. જતીનભાઈએ પોતાના ધંધાર્થે જૂન-2026માં પોતાના બનેવી વિષ્ણુભાઈ વ્યાસના નામે અર્ટિગા કાર નં.(GJ-02-BT-4820) ખરીદી હતી. થોડા મહિના અગાઉ પ્રશાંત શાહુના સાળા સામે સુરત રેલવે પોલીસ સ્ટેશનમાં એન.ડી.પી.એસ.નો કેસ નોંધાયો હતો. પ્રશાંતને શંકા હતી કે, આ કેસની પોલીસને બાતમી જતીનભાઈએ આપી છે. આ વાતનો રોષ રાખીને પ્રશાંતે જતીનભાઈને અર્ટિગા ગાડી લઈને અમરોલી મધુવન સોસાયટી ખાતે બોલાવ્યા હતા. જ્યાં પ્રશાંત શાહુ અને તેનો મિત્ર યામીન પટેલ (રહે.,કોસાડ આવાસ) બંને હાજર હતા. તેમણે જતીનભાઈને કહ્યું કે, પોલીસને બાતમી આપી મારા સાળાનો માલ કેમ પડાવી દીધો? તારી આ અર્ટિગા ગાડી મને આપી દે નહીં તો અહીં જ જાનથી મારી નાંખીશ. કાગળો પર સહીઓ કરાવી અર્ટિગા કાર પડાવી લીધા બાદ તેમને ધમકાવીને ભગાડી દીધા હતા. એક મહિના પછી તપાસ કરતા ખબર પડી કે તેમની ગાડી નાગપુર યવતમાલ વિસ્તારમાં ફરી રહી છે. જેથી તેમણે મિત્રોને ગાડી લેવા મોકલતાં વડકી પોલીસ સ્ટેશનમાં ગાડી જમા કરાવી હોવાની જાણ થઈ હતી. આ મામલે જતીનભાઈ વ્યાસની ફરિયાદના આધારે અમરોલી પોલીસે પ્રશાંત શાહુ અને યામીન પટેલ વિરુદ્ધ ગુનો નોંધીને તપાસનાં ચક્રો ગતિમાન કર્યાં છે.

# સરથાણામાં ઓફિસમાં યુવતી સાથે અડપલાં, શેઠની ધરપકડ

**નોકરી** જતી રહેવાની ધમકી આપીને ઓનલાઇન ઓફિસમાં છેડતી કરી

સુરત: સરથાણા વિસ્તારમાં આવેલી એક ઓનલાઈન વસ્તુઓ વેચવાની ઓફિસમાં કામ કરતી યુવતીને ડ્યુટી પૂરી થયા બાદ રોકીને તેની સાથે બળજબરીપૂર્વક અડપલાં અને છેડતી આચરનાર નરાધમ શેઠ વિરુદ્ધ સરથાણા પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદ બાદ પોલીસે આરોપી શેઠની ધરપકડ કરી લીધી છે.

મૂળ અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના મેરીયાણા ગામના વતની અને હાલ સરથાણા વિસ્તારમાં રહેતી ૨૩ વર્ષીય યુવતી સરથાણા ખાતે ઓનલાઈન વસ્તુઓ વેચવાની ઓફિસ ચલાવતા દિનેશભાઈ નનુભાઈ સોરઠીયાની ઓફિસમાં છેલ્લા છ મહિનાથી નોકરી કરતી હતી. ગત ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ સાંજના સમયે આરોપી શેઠ દિનેશ સોરઠીયાએ યુવતીને કામ વધારે હોવાનું કહી ઓફિસમાં રોકી રાખી હતી. તે દરમિયાન આરોપીએ પીડિતાને બળજબરીથી બાથમાં ભરીને અડપલાં કર્યા હતા અને 'નોકરી કરવી છે કે નહીં' તેવી ધમકી આપી ડરાવી દીધી હતી. નોકરી છીનવાઈ જવાના ડરના કારણે પીડિતાએ શરૂઆતમાં આઘાતમાં આ વાત પરિવારથી છુપાવી હતી.પરંતુ ગત ૩ નવેમ્બરે પરિવારજનોને સમગ્ર આપવીતી જણાવી હતી. પરિવાર સાથે ચર્ચા કર્યા બાદ પીડિતાએ સરથાણા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધ્યાની ટૂંક સમયમાં જ આરોપી શેઠ દિનેશ સોરઠીયાની ધરપકડ કરી છે.

# તહેવારોમાં સુરતથી યુપી-બિહાર માટે 350 સ્પેશિયલ ટ્રેનોના ફેરા

**જીએમ** રામાશ્રય પાંડેએ યાત્રી સુવિધા કેન્દ્રનું નિરીક્ષણ કર્યું

**સુરત**-ઉધના થઈને કુલ લગભગ 700 ફેરાનો લાભ મુસાફરોને મળશે

### ઉત્રાણથી જયપુર માટે સ્પેશિયલ ટ્રેન

સુરત-ઉત્રાણથી ખાતીપુરા (જયપુર) વચ્ચે સ્પેશિયલ ભાડા પર સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન ચલાવવામાં આવશે. કુલ 4 ફેરા થશે. ટ્રેન નં.09131 ઉત્રાણ-ખાતીપુરા 9 અને 16 નવેમ્બરે દર સોમવારે બપોરે 2:15 વાગ્યે ઉત્રાણથી ઉપડીને બીજા દિવસે સવારે 10 વાગ્યે ખાતીપુરા પહોંચશે. ટ્રેન નં.09132 ખાતીપુરા-ઉત્રાણ 10 અને 17 નવેમ્બરે દર મંગળવારે બપોરે 12:40 વાગ્યે ખાતીપુરાથી ઉપડીને બીજા દિવસે સવારે 6:40 વાગ્યે ઉત્રાણ પહોંચશે. આ ટ્રેનો અંકલેશ્વર, ભરૂચ, વડોદરા, ગોધરા, દાહોદ, રતલામ, મંદસૌર, નીમચ, ચિત્તોડગઢ, ભીલવાડા, બિજયનગર, નસીરાબાદ, અજમેર, મદાર, કિશનગઢ અને જયપુર ઊભી રહેશે. તેમાં એસી 2-ટિયર, એસી 3-ટિયર, સ્લીપર અને સેકન્ડ ક્લાસ જનરલના કોચ છે. ટ્રેનનું બુકિંગ 6 નવેમ્બરથી PRS કાઉન્ટર અને IRCTC વેબસાઇટ પર શરૂ થશે.


સુરત: દિવાળી અને છઠ પર ઘરે જતા હજારો મુસાફરોની ભીડ હવે ઉધના સ્ટેશનના પ્લેટફોર્મ પર નહીં, પરંતુ સ્ટેશનની પહેલા બનેલા વિશાળ હોલ્ડિંગ એરિયામાં સંભાળવામાં આવી રહી છે. પશ્ચિમ રેલવેના જીએમ રામાશ્રય પાંડેએ ઉધના પહોંચીને યાત્રી હોલ્ડિંગ ક્ષેત્ર 'યાત્રી સુવિધા કેન્દ્ર' ની મુલાકાત લીધી હતી.

પાંડેએ જણાવ્યું કે, તહેવારની સિઝનને ધ્યાનમાં રાખીને દેશભરમાં લગભગ 2,000 હોલિડે સ્પેશિયલ ટ્રેનોના ફેરા જાહેર કરવામાં આવ્યા છે. તેમાંથી લગભગ 350 ફેરા સીધા સુરત ક્ષેત્રના મુસાફરો માટે રાખવામાં આવ્યા છે. આમાં મોટા ભાગની ટ્રેનો યુપી-બિહાર તરફ જનારી છે, જ્યાં દિવાળી, છઠ પર સૌથી વધુ ભીડ જોવા મળે છે. આ ઉપરાંત મુંબઈથી ઉપડતી લગભગ 350 ટ્રેનોના ફેરા પણ સુરત-ઉધના થઈને ઉત્તર ભારત તરફ જઈ રહ્યા છે. એટલે કે સુરત-ઉધના થઈને કુલ મળી લગભગ 700 ફેરાનો લાભ આ વિસ્તારના મુસાફરોને મળશે.

## સુરતમાં તાવ અને ઝાડા-ઊલટીના કારણે બેનાં મોત

સુરત: શહેરમાં બીમારીના કારણે વધુ બે લોકોનાં મોત નીપજ્યા હતા. મૂળ મહારાષ્ટ્રના વતની અને હાલ ડિંડોલી વિસ્તારમાં ગોવર્ધન નગરમાં રહેતા 40 વર્ષીય ભરતભાઈ જીવનભાઈ મહીરને છેલ્લા પાંચ દિવસથી તાવ આવતો હતો. દરમિયાન કાલે રાત્રે તેમની તબિયત વધુ લથડતાં શ્વાસ લેવાનું બંધ કરી દીધું હતું. નવી સિવિલમાં લઈ જતાં ફરજ પરના તબીબોએ તપાસી તેમને મૃત જાહેર કર્યા હતા. બીજા બનાવમાં, પાંડેસરા વિસ્તારમાં ભેદવાડ દરગાહ નજીક રહેતાં 62 વર્ષીય મીનાક્ષીબેન રમેશભાઈ ભદાણે કાલે રાત્રે ઘરે અચાનક ઝાડા-ઊલટી થયા બાદ ઢળી પડ્યાં હતાં. જેથી પરિવારજનોએ 108 એમ્બ્યુલન્સ મારફતે તેમને નવી સિવિલ હોસ્પિટલ ખસેડતાં ફરજ પરના તબીબોએ તેમને પણ મૃત જાહેર કર્યા હતા.

## પ્રકાશના પર્વ દિવાળીમાં રોશનીથી ઝગમગતું સોનેરી સુરત



■ દિવાળીના તહેવાર સાથે જ સુરત શહેર રોશનીથી ઝગમગી ઊઠે છે ત્યારે એરીયલ વ્યૂહમાં સુરત શહેર કેટલું સુંદર દેખાઈ છે તે આ તસવીર પરથી તમે જોઈ શકો છે. રંગબેરંગી રોશની સાથે સુરત શહેરનો રોનક જ તેની સોનેરી ઓળખ બતાવી દે છે. (તસવીર: સતીષ જાદવ)

### મહારાષ્ટ્રના બે પરિવારમાં ખુશીઓનું આગમન

# દિવાળીએ સુરતની બે અનાથ દીકરીઓને મળ્યા નવા માતા-પિતા

**સુરતની** ૭ અને ૮ માસની બાળકી હવે નવા પરિવારના આંગણે ઉછરશે

સુરત: માતા-પિતાની છત્રછાયા ગુમાવેલી બે બાળકી હવે મહારાષ્ટ્રનાં બે દંપતીના પરિવારનો હિસ્સો બનવા જઈ રહી છે.

જિલ્લા કલેક્ટર તેજસ પરમારના હસ્તે બંને દંપતીને પ્રી-અડોપ્શન ફોસ્ટર કેર ઓર્ડર એનાયત કરવામાં આવતાં બે પરિવારોમાં સંતાનસુખની ખુશી છવાઈ ગઈ હતી. સુરતના કતારગામ ખાતે રાજ્ય સરકાર સંચાલિત વિશિષ્ટ દત્તક સંસ્થામાં આશ્રય મેળવી રહેલી આ બંને બાળકીઓના જીવનમાં હવે માતા-પિતાના સ્નેહ અને સંભાળની નવી સફર શરૂ થશે. જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી એલ.બી. પટેલના માર્ગદર્શન હેઠળ દત્તક પ્રક્રિયાને આગળ ધપાવવામાં આવી હતી. જેમાં આઠ માસની બાળકીને મહારાષ્ટ્રના ફાનીપ્રસાદ મંડલાપાર્થી અને તેમનાં પત્ની પાયલ પોદ્દારને સોંપવામાં આવી હતી. તેવી જ રીતે સાત માસની બીજી બાળકીને પૂણેના ગિરીશ રઘુનાથ ભામરે અને તેમનાં પત્ની હેમાંગી વામન રાવ જવલેને પ્રી-અડોપ્શન ફોસ્ટર કેર હેઠળ સોંપવામાં આવી હતી.

આ પ્રસંગે કલેક્ટર તેજસ પરમાર અને જિલ્લા બાળ સુરક્ષા અધિકારી વિજયભાઈ પરમારે બંને દંપતીઓને અભિનંદન પાઠવી બાળકીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

# ભંગારના ધંધામાં ભાગીદારીમાં રોકાણ કરાવી રૂ.1.04 કરોડની ઠગાઈ

**અમદાવાદ** અને ભાવનગરની કંપનીઓમાં લોખંડનો ભંગાર સપ્લાય કરવાના પરવાનાની લાલચ આપી હતી

સુરત: રાંદેર વિસ્તારમાં ભંગારના ધંધાની દલાલી કરતા એક યુવક સાથે ભાગીદારીમાં મોટો આર્થિક નફો અપાવવાની લાલચ આપીને રૂ.1.04 કરોડથી વધુની માતબર રકમની ઠગાઈ આચરવામાં આવી હતી.

ન્યૂ રાંદેર ગોરાટ રોડ પર રઝા એપાર્ટમેન્ટમાં રહેતા અને ભંગારના માલની દલાલીનું કામ કરતા મોહસિન આરીફ લીલા (ઉં.વ.30) દ્વારા રાંદેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે. ડિસેમ્બર-2024 માં વેડરોડ ખાતે વેપારી મોહમદ હુસેન જરીવાલાની હાજરીમાં તેમની મુલાકાત સજાદ સલીમ ભીમાણી સાથે થઈ હતી. સજાદ ભીમાણીએ પોતાની પાસે સચિન ખાતે ગોડાઉન હોવાનું તથા અમદાવાદ અને ભાવનગરની જુદી જુદી કંપનીઓમાં લોખંડનો ભંગાર સપ્લાય કરવા માટેના પી.ઓ. (પરવાના ખત) હોવાનું જણાવીને મોહસિનને ભાગીદારીમાં જોડાવા આકર્ષ્યા હતા. તેણે કંપનીઓમાં માલ સપ્લાય કરી 50% નફાની ભાગીદારી આપવાની લાલચ આપી હતી. 'મહિમા સ્કેપ' નામનું વોટ્સએપ ગ્રુપ બનાવી વહીવટ શરૂ કર્યો હતો. આ ભાગીદારીના ધંધામાં મોહસિને તબક્કાવાર રીતે અંકલેશ્વર, પાલ, ઉધના, સચિન અને વરાછા સહિતના વેપારીઓ પાસેથી ભંગારનો માલ ખરીદીને કુલ રૂ.1,64,75,592 ચૂકવ્યા હતા. મોહસિને આ ધંધામાં કુલ રૂ. 2,06,39,874નું માતબર રોકાણ કર્યું હતું, જ્યારે સજાદે ઓછું રોકાણ કર્યું હતું. જૂન-2025માં સજાદે વધુ નાણાંની માંગણી કરતાં અને મોહસિને અસમર્થતા દર્શાવતાં સજાદે ધંધો બંધ કરવાનું કહી વોટ્સએપ ગ્રુપ છોડી દીધું હતું. મોહસિનના કુલ રૂ.2,06,39,874 નીકળતા હતા, જેમાંથી સજાદે રૂ.1,02,00,000 પરત આપ્યા હતા. બાકીના રૂ.1,04,39,874 આજદિન સુધી પરત આપ્યા ન હતા. આ મામલે મોહસિન લીલાની ફરિયાદના આધારે રાંદેર પોલીસે સજાદ સલીમ ભીમાણી વિરુદ્ધ છેતરપિંડીનો ગુનો નોંધી આર્થિક ગુના નિવારણ શાખા દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

# પાલના રિઝર્વ પ્લોટના રેસ્ટોરન્ટનું ટેમ્પરરી સ્ટ્રક્ચર રિન્યુ થયું નથી

**રાંદેર** ઝોનના તંત્ર દ્વારા માત્ર નોટિસ આપવામાં આવી, ખરેખર પ્લોટ ખાલી કરાવવો જોઈતો હતો

સુરત: પાલની મનપાની અનામત જગ્યા પર તાણી દેવાયેલા રેસ્ટોરન્ટનું ટેમ્પરરી સ્ટ્રક્ચર રિન્યુ જ થયું નથી તેવી ચોંકાવનારી વિગતો બહાર આવી છે.

પાલિકાના નીતિ-નિયમો અને ઠરાવને નેવે મૂકીને આ રિઝર્વ પ્લોટ પર પાકું બાંધકામ ઊભું કરી દેવાયું છે અને તેમાં ધમધમતું એસી રેસ્ટોરન્ટ ચલાવી ખુલ્લેઆમ કોમર્શિયલ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જોકે, આ મુદ્દે મીડિયામાં અહેવાલો બાદ પણ રાંદેર ઝોનનું તંત્ર હજુ આકારણી અને એન્જિનિયરિંગ વચ્ચે ખોખોની રમત રમી રહ્યું છે. ગુરુવારે ઝોન દ્વારા નોટિસ ફટકારાઈ, પરંતુ તે માત્ર ટેમ્પરરી સ્ટ્રક્ચરનો પ્લાન રિન્યુ નહીં કરાયો હોવા મુદ્દે અપાઈ છે.

પાલિકાના રિઝર્વ પ્લોટમાં કોઈપણ પ્રકારનું પાકું બાંધકામ ન થઈ શકે તેવી સ્પષ્ટ જોગવાઈ હોવા છતાં આટલું મોટું બાંધકામ થઈ ગયું અને જવાબદાર અધિકારીઓની નજર કેમ ન પડી?. આ ગેરકાયદે બાંધકામનો કોઈ વેરો પણ વસૂલવામાં આવતો નથી. આ રીતે સામાન્ય કરદાતાઓ સાથે ભારે અસમાન વ્યવહાર થતો હોવાનો આક્ષેપ કરાયો છે.

સાથોસાથ આ એસી રેસ્ટોરન્ટમાં ફાયર સેફ્ટીની યોગ્ય સુવિધા છે કે નહીં તેની તપાસ કરવાની માંગ સાથે ભવિષ્યમાં આગ કે કોઈ દુર્ઘટના સર્જાય તો તેની જવાબદારી કોની રહેશે તેવો પ્રશ્ન પણ ઉપસ્થિત કરાયો છે.